# અમારા વિષે

LONDON FIRE BRIGADE

## London Fire Brigade (LFB) (લંડન ફાયર બ્રિગેડ) એ યુકેની આગ અને હોનારતોમાં બચાવ સેવાઓ આપતી સૌથી મોટી સંસ્થા છે. અમે લંડનને સૌથી સલામત શહેર બનાવવા માટે હાજર છીએ. લંડન, લંડનવાસીઓ અને અહીંના મુલાકાતીઓ માટે વિશ્વ કક્ષાની આગ અને હોનારતોમાં બચાવ સેવા બનવાનો અમારો ધ્યેય છે.

LFB આગ અને અન્ય તાત્કાલિક સેવાઓ માટે હંમેશા તત્પર રહે છે, પરંતુ આગને રોકવાની કામગીરી અને જાહેર સમુદાયની સલામતી જેવી બાબતો પર વધુ ભાર મુકતા હોવાથી આટલા વર્ષોમાં કાર્યમાં પરિવર્તન આવ્યું છે.

લોકો ઘર, ઓફિસ કે લંડનની અન્ય ઇમારતોમાં આગ અને અન્ય સંકટથી સલામત રહે તે માટે મદદ કરીએ છીએ. ઘરમાં આકસ્મિક રીતે લાગતી આગ એ આગને કારણે થતા મૃત્યુ પાછળનું મુખ્ય કારણ હોય છે અને આ પ્રકારની ઘટનાઓ રોકવા માટે અમે શક્ય તેટલા પ્રયત્નો કરી રહ્યા છીએ. આગથી લોકો પોતાની જાતને રક્ષણ પૂરુ પાડી શકે તે માટે અમે લોકોને જાગૃત કરવા માટે કાર્ય કરી રહ્યા છીએ.

આ કાર્ય માટે અમે નીચેના માર્ગો અપનાવ્યા છે:

**આગથી સલામતી માટે ઘરોની મુલાકાત** - ફાયર ફાયટરો આગથી બચવા માટેની સલાહો આપવા માટે ઘરોમાં જઇ લોકોની મુલાકાત લે છે અને જરૂર જણાય તો વિનામૂલ્યે સ્મોક એલાર્મ મુકી આપે છે.

**અન્ય સંસ્થાઓ સાથે સહકાર** - લોકો માટે કાર્યો કરતી સંસ્થાઓ પર આગનું સૌથી વધુ જોખમ હોય અને તેઓ લોકો સુધી પહોંચવામાં અને તેમને બચાવવામાં અમને મદદ કરી શકે.

**યુવાવયે લોકોને માહિતી આપવી** - આગની ભયાનકતા, તેઓ પોતાની જાતને કેવી રીતે  બચાવી શકે અને મજાકમાં કરેલા ફોનની આડઅસરો અંગે લોકોને યુવાવયે જ માહિતગાર કરીએ છીએ. અમે આ કાર્ય ખૂબ સફળતાપૂર્વક પાર પાડ્યું છે, જેમાં શાળાના જૂથનો પણ સમાવેશ થાય છે.

**ઇરાદાપૂર્વક લગાડવામાં આવેલી આગમાં ઘટાડો** - યુવાવયના લોકોની આગ લગાડવાની મનોવૃત્તિ પર કાબુ મેળવવા અમારી પાસે વિશેષ ટીમ છે અને અન્ય ટીમ આગ આધારિત ગુનાઓમાં ઘટાડો કરવા કાર્ય કરે છે.

**કાર્યસ્થળોએ આગથી સલામતી અંગે સલાહો આપવી** - એક નોકરીદાતા તરીકે તમે અને તમારો કર્મચારીઓ કાર્યસ્થળે આગને રોકવા અને અને લાગેલી આગમાંથી બચવા માટેનું જ્ઞાન ધરવાતા હોવા જોઇએ અને તે તમારી જવાબદારી છે.

**ઇમારતોમાં તપાસ હાથ ધરવી** - ઇમારતોની સલામતીમાં સુધારો કરવા માટે અમે ડેવલોપરો સાથે શરૂઆતના તબક્કે કામ કરીએ છીએ, તેઓ આગથી સલામતી અંગને નિયમનોનું પાલન કરે છે કેમ તેની ખાતરી માટે તપાસ હાથ ધરીએ છીએ અને જરૂર જણાય ત્યાં કડક પગલા પણ ભરીએ છીએ.